### પશ્ચિમ રેલવેનો સૌથી મોટો 10 હજાર ચો.મી.નો હોલ્ડિંગ એરિયા તૈયાર

# ઉધના સ્ટેશને 15000 યાત્રીને સમાવી શકાશે

**દિવાળી** અને છઠ પૂજાની ભીડને પહોંચી વળવા મેગા પ્લાનિંગ

CCTV અને PA સિસ્ટમ સુધીની સુવિધા, કામ ઓક્ટોબરના અંત સુધીમાં પૂર્ણ થશે

સુરતઃ દિવાળી અને આસ્થાના મહાપર્વ છઠ પૂજા દરમિયાન સુરતથી વતન જતા લાખો પરપ્રાંતીય મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા એક ઐતિહાસિક અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ઉધના રેલવે સ્ટેશનના પૂર્વ ભાગમાં દેશનો બીજા નંબરનો અને પશ્ચિમ રેલવેનો સૌથી મોટો 10 હજાર ચો.મી. વિસ્તારમાં યાત્રી સુવિધા કેન્દ્ર એટલે કે વિશાળ 'હોલ્ડિંગ એરિયા' તૈયાર કરી દેવામાં આવ્યો છે.

## 70 સીસીટીવી કેમેરા અને હાઇટેક વોર રૂમથી બાજ નજર

મુસાફરોની સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને પરિસરમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પળેપળની ભીડ પર રિયલ-ટાઇમ મોનિટરિંગ રાખવા માટે વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ એક સ્પેશિયલ 'વોર રૂમ' કાર્યરત કરાયો છે. આખા પરિસરમાં 70 જેટલા હાઇ-ડેફિનેશન સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા છે. આ ઉપરાંત, ટ્રેનના અપડેટ્સ માટે ડિજિટલ ડિસ્પ્લે સ્ક્રીન અને સ્પષ્ટ માર્ગદર્શન માટે અંદાજે 150 સ્પીકર્સ ધરાવતી પેસેન્જર અનાઉન્સમેન્ટ સિસ્ટમ લગાવવામાં આવી છે. મુસાફરોનો સમય ન બગડે તે માટે 10 ટિકિટ વિન્ડો શરૂ કરવામાં આવી છે, જેમાં દિવ્યાંગ મુસાફરો માટે ખાસ ડેડિકેટેડ કાઉન્ટર પણ સામેલ છે.

### 15 હજાર મુસાફરોની બેઠક ક્ષમતા

તહેવારોની સિઝનમાં સુરત અને ઉધના સ્ટેશનેથી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને ઓડિશા જતી ટ્રેનોમાં મુસાફરોનો પ્રચંડ ધસારો જોવા મળે છે. પ્લેટફોર્મ પર થતી ધક્કામુક્કી અને અરાજકતા અટકાવવા માટે નવા હોલ્ડિંગ એરિયામાં એકસાથે 15,000 મુસાફરો આરામથી બેસી શકે તેવી સુવિધા ઊભી કરાઈ છે. આ સમગ્ર પરિસરને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ત્રણ મુખ્ય ઝોનમાં વહેંચવામાં આવ્યું છે.

### શિસ્તબદ્ધ રીતે પ્લેટફોર્મ પર એન્ટ્રી

પ્લેટફોર્મ પર થતી નાસભાગ જેવી અપ્રિય પરિસ્થિતિને ટાળવા માટે કડક એક્શન પ્લાન બનાવાયો છે. જ્યાં સુધી સંબંધિત ટ્રેન પ્લેટફોર્મ પર ન આવે ત્યાં સુધી મુસાફરોએ હોલ્ડિંગ એરિયામાં જ રહેવાનું રહેશે. ટ્રેન આવ્યા બાદ આરપીએફ (RPF), જીઆરપી (GRP) અને ટિકિટ ચેકિંગ સ્ટાફના માર્ગદર્શન હેઠળ મુસાફરોને શિસ્તબદ્ધ કતારમાં પ્લેટફોર્મ અને કોચ સુધી પહોંચાડવામાં આવશે.

### કઈ-કઈ સુવિધાઓ હશે ?

» મોટા કવર્ડ વેઇટિંગ એરિયા અને કતાર વ્યવસ્થા
» સિનિયર સિટિઝન અને દિવ્યાંગો માટે અલગ બેઠક વ્યવસ્થા
» 10 ટિકિટ બુકિંગ કાઉન્ટર
» વિશાળ ટોઇલેટ બ્લોક
» પીવાનું પાણી, લાઇટિંગ, સિગ્નલ અને ટેલિકોમ સુવિધા
» પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ડિસ્પ્લે બોર્ડ, સાઇનેજ
» CCTV સર્વેલન્સ, ફાયર સેફ્ટી અને ઇમરજન્સી મેનેજમેન્ટ

### હોલ્ડિંગ એરિયાનું 3 ઝોનમાં વિભાજન

**પ્રિ-ટિકિટિંગ એરિયાઃ** મુસાફરોના પ્રવેશ અને પ્રારંભિક રાહ જોવા માટેની જગ્યા.
**ટિકિટિંગ એરિયાઃ** ટિકિટ મેળવવા માટે સુવ્યવસ્થિત કતાર વ્યવસ્થા.
**પોસ્ટ-ટિકિટિંગ એરિયાઃ** ટિકિટ લીધા બાદ ટ્રેનના સમય સુધી રોકાવા માટેનો આરામદાયક વિશ્રામ કક્ષ.

### સ્નાનગૃહ, શૌચાલય અને વાહન પાર્કિંગની સુવિધાઓ

સ્ટેશને પહોંચતા મુસાફરોને કોઈ અગવડ ન પડે તે માટે હોલ્ડિંગ એરિયાની બહાર વિશાળ વાહન પાર્કિંગ અને સુગમ એપ્રોચ રોડ બનાવવામાં આવ્યો છે. શૌચાલય, યુરિનલ્સ, સ્નાનગૃહ અને ચોવીસ કલાક પીવાના શુદ્ધ ઠંડા પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.



### બાંધકામ 90% પૂર્ણ થઈ ગયું

ફાઉન્ડેશન, સ્ટ્રક્ચરલ સ્ટીલ ફેબ્રિકેશન, રૂફ શીટ અને ગ્રેડ સ્લેબનું કામ પૂર્ણ થઈ ગયું છે. ફ્લોર ટાઇલિંગ, GRC જાળી અને પોલીકાર્બોનેટ ફસાડનું કામ અંતિમ તબક્કામાં છે. ટેલિકોમ, RailTel, ઇલેક્ટ્રિકલ કામ પણ અંતિમ તબક્કામાં છે. અત્યાર સુધીમાં 32 માંથી 26 HVLS પંખા, 138 માંથી 98 લાઇટ, 146 માંથી 100 PA સ્પીકર અને 39 માંથી 29 CCTV કેમેરા લાગી ગયા છે. ટિકિટ બ્લોક અને એન્ટ્રન્સ પ્લાઝાનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ પ્રોજેક્ટ ઓક્ટોબર 2026ના છેલ્લા અઠવાડિયા સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે, જેથી દિવાળી પહેલા મુસાફરોને તેનો લાભ મળી શકે.



# સુરતની ગ્રામ્ય શાળાઓ સુધી પહોંચશે ડિજિટલ શિક્ષણની બસ

**સુરત** જિલ્લા પંચાયતના 143 વિકાસ પ્રકલ્પો માટે રૂ.108 કરોડનાં કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું

સુરતઃ સુરત જિલ્લા પંચાયત અને ટોયોટા કિર્લોસ્કર કંપનીના સહયોગથી તૈયાર કરાયેલી 'ટોયોટા ઈ-કક્ષા બસ' ગ્રામ્ય સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને કમ્પ્યુટર શિક્ષણ પૂરું પાડશે. આ સાથે જિલ્લાના 143 વિકાસ પ્રકલ્પો માટે કુલ રૂ.108 કરોડનાં કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે, આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની વિશેષ ઉપસ્થિતિમાં તથા જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદીની હાજરીમાં જિલ્લા પંચાયતના પ્રાંગણમાં રૂ.100 કરોડના 104 કામોનું ખાતમુહૂર્ત અને રૂ.8 કરોડના 39 કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. 'ડિજિટલ ક્લાસરૂમ્સ ઓન વ્હીલ' પહેલ હેઠળ ઈ-કક્ષા બસ સુરત જિલ્લાના પાંચ બ્લોકમાં કાર્યરત રહેશે. આ મોબાઈલ ક્લાસરૂમ દર મહિને આશરે 10થી 15 સરકારી શાળાના વિદ્યાર્થીઓને કમ્પ્યુટર તાલીમ આપશે. બસમાં બે પ્રશિક્ષિત ઈન્સ્ટ્રક્ટર, ઈન્ટરનેટ કનેક્ટિવિટી, સ્માર્ટ બોર્ડ અને શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ રહેશે. વિદ્યાર્થીઓને 14 ડિજિટલ પિરિયડમાં મૂળભૂત કમ્પ્યુટર કોર્સ શીખવવામાં આવશે. તેમની પ્રગતિનું મૂલ્યાંકન પ્રી-અસેસમેન્ટ અને પોસ્ટ-અસેસમેન્ટ દ્વારા કરાશે. કોર્સ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. આ વ્યવસ્થાથી ગ્રામ્ય વિદ્યાર્થીઓને કમ્પ્યુટર તાલીમ માટે દૂર જવાની જરૂર નહીં રહે.

### રૂ.80 કરોડના ખર્ચે માર્ગોની સુવિધા સુધરશે

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અને સુવિધાપથ હેઠળ આશરે રૂ.80 કરોડના ખર્ચે 61 જેટલા રસ્તાઓ અને સીસી રોડના કામો હાથ ધરાશે.

### આરોગ્ય અને બાળવિકાસની સુવિધાઓનું વિસ્તરણ

કામરેજના આસ્તા ખાતે આયુર્વેદ દવાખાનાના નવા મકાન અને માંગરોળના વડ ખાતે પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત થયું.જ્યારે ખોલવડ, સઠવાવ, માંગરોળ-1 અને હથોડા ખાતે આરોગ્ય સુવિધાઓનું લોકાર્પણની સાથે વિવિધ ગામોમાં ગ્રામ પંચાયત ભવનો અને બારડોલી, માંગરોળ, પલસાણા,ઓલપાડ તાલુકાઓમાં આંગણવાડી કેન્દ્રો ખુલ્લાં મુકાયા.

# વર્ષ 19-20 પછીના વર્ષોમાં MBBSમાં પ્રવેશ લેનારાને 'મર્સી એટેમ્પ્ટ' મળશે

**કોવિડ,** આરોગ્ય સમસ્યાઓ સહિતની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી NMCની રાહત

સુરતઃ NMCએ શૈક્ષણિક વર્ષ 2019-20થી MBBS અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્ર વિદ્યાર્થીઓને પ્રથમ પ્રોફેશનલ MBBS પરીક્ષા પાસ કરવા માટે એક વધારાનો પ્રયાસ એટલે કે 'મર્સી એટેમ્પ્ટ' આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી કોવિડ-19 મહામારી, આરોગ્ય સંબંધિત સમસ્યાઓ અને અન્ય અંગત મુશ્કેલીઓના કારણે પરીક્ષા પાસ કરવામાં વિલંબનો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓને તક મળશે.

NMCના અંડર ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન બોર્ડ દ્વારા 15 ઓક્ટોબર, 2026ના રોજ જાહેર કરવામાં આવેલી સૂચનામાં આ અંગે જાણ કરવામાં આવી છે. કમિશનની 23 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાયેલી 18મી બેઠકમાં આ મુદ્દે વિચારણા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીઓ અને અન્ય સંબંધિત પક્ષો તરફથી વધારાની તક આપવા રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતો અને અગાઉના નિર્ણયો ધ્યાનમાં રાખીને કમિશને એક વખતની રાહત આપવાનો નિર્ણય કર્યો છે. અગાઉ શૈક્ષણિક વર્ષ 2019-20 અને 2020-21માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને પણ એક વખતની મર્સી એટેમ્પ્ટ આપવાના નિર્ણયો લેવામાં આવ્યા હતા. હવે 2019-20થી આગળનાં શૈક્ષણિક વર્ષોમાં પ્રવેશ મેળવનારા પાત્ર વિદ્યાર્થીઓને પણ આ રાહતનો લાભ આપવાનો નિર્ણય લેવાયો છે.

જોકે, આ વધારાની તક તમામ વિદ્યાર્થીઓને આપોઆપ મળશે એવું નથી. તેનો લાભ લેવા માટે NMC દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચનામાં દર્શાવેલી શરતો અને માર્ગદર્શિકાનું પાલન કરવું પડશે.

# ઉનની 10 વિવિંગ સોસાયટીને મંદીની માર 20 નવેમ્બર સુધી તબક્કાવાર બંધ રખાશે

**ઉન** વિવર્સ એસોસિએશનની બેઠકમાં નિર્ણય, 16 ઓક્ટોબર સુધી 25 ટકા કારખાનાં બંધ

**25 ઓક્ટોબર** સુધી આંકડો 50 ટકાએ પહોંચવાની શક્યતા, 1થી 20 નવેમ્બર વેકેશન જાહેર

સુરતઃ કાપડ બજારમાં મંદી, વધતા યાર્નના ભાવ અને તૈયાર કાપડમાં પ્રોફિટ માર્જિન ઘટતાં ઉન વિસ્તારના વિવિંગ ઉદ્યોગમાં મુશ્કેલીઓ વધી છે. દિવાળીના તહેવાર પહેલાં બજારમાં વધુ દબાણ રહેવાની શક્યતા વચ્ચે વધતી નુકસાની અટકાવવા ઉન વિવર્સ એસોસિએશન દ્વારા તબક્કાવાર કારખાનાં બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસોસિએશનના નિર્ણય મુજબ નવેમ્બર મહિનામાં 20 નવેમ્બર સુધી તમામ ખાતાં તબક્કાવાર બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

ઉન વિસ્તારની તસ્લીમ નગર વિવિંગ સોસાયટીના પ્રમુખ અને ઉન વિવર્સ એસોસિએશનના પ્રમુખ ઝાહિદ કાપડિયાએ જણાવ્યું હતું કે, બજારની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉન વિસ્તારના વિવિધ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના વિવર્સ આગેવાનોની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં યાર્નના સતત વધતા ભાવ, કાપડમાં પ્રોફિટ ન હોવો અને દિવાળીના તહેવારને કારણે બજારમાં વધુ દબાણ રહેવાની શક્યતા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં શાલીમાર, તસ્લીમ નગર, રાજ ઈન્ડસ્ટ્રિયલ, ધામણવાલા ઈન્ડસ્ટ્રિયલ, પી.એમ. ધામણવાલા ઈન્ડસ્ટ્રિયલ, ઉન ઓલ્ડ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, મિત એન્ડ મીર ઈન્ડસ્ટ્રિયલ, સારા ઈન્ડસ્ટ્રિયલ, ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ અને નવાબ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના વિવર્સ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ચર્ચા બાદ નુકસાનીને વધુ વધતી અટકાવવા કારખાનાં બંધ રાખવાનો સર્વસંમતિથી નિર્ણય લેવાયો હતો.

ઝાહિદ કાપડિયાના જણાવ્યા અનુસાર 16 ઓક્ટોબર સુધી ઉન વિસ્તારનાં આશરે 25 ટકા કારખાનાં બંધ થઈ ગયાં છે. 25 ઓક્ટોબર સુધીમાં બંધ કારખાનાંનો આંકડો વધીને આશરે 50 ટકા થવાની શક્યતા છે. બાકીનાં કારખાનાં પણ 1 નવેમ્બરથી 20 નવેમ્બર સુધી બંધ રાખવામાં આવશે. આમ, ઉનના વિવિંગ ઉદ્યોગમાં ઉત્પાદનને તબક્કાવાર અટકાવી બજારની પ્રતિકૂળ પરિસ્થિતિમાં નુકસાન નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### બ્રિજના પુનઃનિર્માણને પગલે વૈકલ્પિક માર્ગ

# અરેઠ-બૌધાન-ઘલા માર્ગ પર 17 નવેમ્બર સુધી વાહનવ્યવહાર બંધ

**ચોમાસામાં** ડાયવર્ઝન પાણીમાં ગરકાવ થતાં અકસ્માતનું જોખમ

સુરત, માંડવીઃ અરેઠ-બૌધાન-ઘલા માર્ગ પર આવેલા મેજર બ્રિજના પુનઃનિર્માણની કામગીરીને પગલે આ માર્ગ પર વાહનવ્યવહાર માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચોમાસા દરમિયાન પાણીના વધુ પ્રવાહને કારણે વૈકલ્પિક ડાયવર્ઝન પાણીમાં ગરકાવ થઈ જતાં વાહનોની અવરજવર જોખમી બની હતી. આથી જાહેર સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ હિરેન ચૌહાણે તા. 17 નવેમ્બર, 2026 સુધી બ્રિજ પરથી તમામ વાહનોની અવરજવર બંધ કરતું જાહેરનામું બહાર પાડ્યું છે.

જાહેરનામા મુજબ, વાહનચાલકોએ અવરજવર માટે અરેઠ (માંડવી)થી તડકેશ્વર અને કીમ ચાર રસ્તા થઈ સુરત જવા ઈચ્છતા વાહનચાલકોએ આ માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે. જ્યારે અરેઠથી બૌધાન થઈ કામરેજ તરફ જવા માટે બૌધાન-શામપુરા-દિગસ-કામરેજ ચાર રસ્તા થઈ ઘલા રોડના NHAI જંક્શન તરફ જવાનું રહેશે.

તેવી જ રીતે બૌધાનથી ઘલા જવા-આવવા માટે શામપુરા-દિગસ-કામરેજ ચાર રસ્તા થઈ ઘલા રોડના NHAI જંક્શન સુધીનો વૈકલ્પિક માર્ગ નિર્ધારિત કરાયો છે. ઘલાથી માંડવી તરફ કીમ ચાર રસ્તા થઈ જવા માટે ઘલા રોડના NHAI જંક્શનથી કીમ ચાર રસ્તા અને તડકેશ્વર થઈ માંડવી પહોંચવાનું રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે.

### 'આંદોલનની આડમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસ', CM વિપક્ષ પર પ્રહાર

ગાંધીનગરઃ નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર વિરુદ્ધ ચાલી રહેલા આંદોલન વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિરોધ પક્ષો અને પોતાને આંદોલનકારી ગણાવતા તત્વો સામે આકરાં પ્રહારો કર્યા છે. મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આક્ષેપ કર્યો છે કે સત્તા મેળવવાની હતાશામાં ડૂબેલા વિપક્ષ અને સ્વયંભૂ આંદોલનકારીઓનો હેતુ જનહિત નહીં, પરંતુ આંદોલનની આડમાં અરાજકતા ફેલાવીને અસ્થિરતા ઊભી કરવાનો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે દેશ અરાજકતા નહીં, વિકાસ અને સ્થિરતા ઈચ્છે છે અને ભારતની પ્રગતિ, શાંતિ તથા સુરક્ષા સાથે ચેડાં કરવાની કોઈને છૂટ આપી શકાય નહીં. મુખ્યમંત્રીની આ પ્રતિક્રિયા એવા સમયે આવી છે જ્યારે નવી દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે.

# બે દિવસ બંધ રહ્યા બાદ RTO ટેસ્ટ ટ્રેક આજથી પુનઃ શરૂ થશે

**ડ્રાઇવિંગ** ટેસ્ટ આપવા પહોંચેલા અરજદારોને ધરમધક્કા થયાં

સુરતઃ સુરત સહિત સમગ્ર ગુજરાતની પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીઓ (RTO) માં સોફ્ટવેરની ટેકનિકલ સમસ્યા સર્જાતાં છેલ્લાં બે દિવસથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો, જે હવે આવતીકાલે શનિવારથી પૂર્વવત શરૂ થશે. ગુરુવારે બપોર પછી સમગ્ર રાજ્યની RTO કચેરીઓ માટેનું સેન્ટ્રલાઈઝ્ડ ડ્રાઈવિંગ ટેસ્ટ સોફ્ટવેર અચાનક ખોટકાઈ ગયું હતું. સમગ્ર ગુજરાતમાં ટેસ્ટ ટ્રેક માટે એક જ કોમન સોફ્ટવેર સિસ્ટમ હોવાના કારણે તેની સીધી અસર ગુરુ અને શુક્રવાર એમ બે દિવસની કામગીરી પર પડી હતી. આ ટેકનિકલ ગૂંચ સમયસર ન ઉકેલાતાં તંત્ર દ્વારા શુક્રવારની તમામ ટેસ્ટ પ્રક્રિયા મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

આ નિર્ણયના કારણે નિર્ધારિત તમામ એપોઈન્ટમેન્ટ્સ રદ કરીને આગામી તારીખોમાં શિફ્ટ કરી દેવામાં આવી છે. RTO તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે અરજદારોની ટેસ્ટ પાછી ઠેલવવામાં આવી છે, તેઓને તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ (SMS) મોકલીને નવી તારીખ અને સમયની જાણ કરી દેવાશે.

બીજી તરફ, ગુરુવારે બપોર પછી તેમજ શુક્રવારે ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા પહોંચેલા અરજદારોને ટ્રેક બંધ હોવાને કારણે ટેસ્ટ આપ્યા વગર જ નિરાશ થઈને પરત ફરવું પડ્યું હતું. નોકરી કે ધંધામાંથી ખાસ રજા લઈને દૂર-સુદૂરના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાંથી આવેલા અરજદારોને ભારે ધરમધક્કો પડ્યો હતો અને વારંવાર ખોટકાતા સર્વર તેમજ સોફ્ટવેરની સમસ્યાને કારણે તેમનામાં ભારે નારાજગી અને આક્રોશ જોવા મળ્યો હતો.

### પુણા ખાતે હોટ ફિક્સના કચરામાં રહસ્યમય આગ લાગતા ફોર વ્હિલ ઝપેટમાં આવી

સુરતઃ પુણા ખાતે સીતાનગર ચોકડી પાસે ગુરુવારે મોડી રાત્રે હોટ ફિક્સ સહિતના કચરામાં રહસ્યમય સંજોગોમાં આગ ભડકી ઉઠતા ત્યાં પાર્ક કરેલી ફોર વ્હિલ લપેટમાં આવતા ત્યાં હાજર લોકોમાં ગભરાટ ફેલાતા નાસભાગ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડ પાસેથી મળેલી વિગત મુજબ પુણા રોડ પર સીતાનગર ચોકડી પાસે યોગેશ્વર સોસાયટી નજીક આવેલા રોડની સાઈડ પર પડેલા હોટ ફિક્સ સહિતના કચરાના ઢગલામાં ગુરુવારે મોડી રાત્રે રહસ્યમય સંજોગોમાં આગ ફાટી નીકળી હતી. જેના લીધે નજીકમાં પાર્ક કરેલી ફોર વ્હિલ આગની લપેટમાં આવી જતા ત્યાં વધુ પ્રમાણમાં ધુમાડો નીકળતા ત્યાંના લોકોમાં ભય ફેલાતા દોડધામ થઈ જવા પામી હતી. કોલ મળતા ફાયર લાશ્કરોની ટીમ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી થોડા સમયમાં આગ પર કાબુ મેળવ્યો હતો. આ બનાવમાં કોઈ ઈજા કે જાનહાની થઈ નથી.

# લોથલમાં આકાર લેશે ભારતના દરિયાઈ વારસાનું વૈશ્વિક સ્મારક

**વિશ્વનું** સૌથી ઊંચું 'લાઇટહાઉસ મ્યુઝિયમ' બનશે આકર્ષણનું કેન્દ્ર; મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફેઝ-1 અને ફેઝ-2નાં કામોની સમીક્ષા કરી

ગાંધીનગરઃ પ્રાચીન સિંધુ સંસ્કૃતિના ઐતિહાસિક વારસાને વિશ્વ સમક્ષ નવી ઓળખ અપાવવા માટે લોથલ ખાતે નિર્માણ પામી રહેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ના કામને વેગ આપવા રાજ્ય સરકારે સમીક્ષા હાથ ધરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોથલની મુલાકાત લઈને આ વિશ્વકક્ષાના પ્રોજેક્ટ હેઠળ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી. ભારતના સમૃદ્ધ દરિયાઈ ઈતિહાસને પ્રદર્શિત કરનાર આ સંકુલમાં ભવ્ય મ્યુઝિયમ, વિવિધ ગેલેરીઓ અને વિશ્વનું સૌથી ઊંચું 'લાઈટહાઉસ મ્યુઝિયમ' આકાર પામશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને અનુરૂપ વિકસાવવામાં આવી રહેલા આ પ્રોજેક્ટની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ પ્રથમ અને દ્વિતીય તબક્કા હેઠળ હાથ ધરાયેલા કામો, અત્યાર સુધી પૂર્ણ થયેલી કામગીરી તથા આગામી આયોજન અંગે અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. પ્રવાસીઓ માટે આંતરરાષ્ટ્રીય આકર્ષણનું કેન્દ્ર બની શકે તેવા આ સંકુલનું નિર્માણ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. લોથલની ઐતિહાસિક ધરતી પર આકાર લઈ રહેલું આ સંકુલ પ્રાચીન સિંધુ ખીણની સંસ્કૃતિ, ભારતની દરિયાઈ પરંપરા અને નૌકાવ્યવહારના ઈતિહાસને પ્રદર્શિત કરશે. પ્રોજેક્ટના વિવિધ તબક્કામાં વિકસાવવામાં આવનારી સુવિધાઓ, સ્થળની વિશેષતાઓ અને આગામી વિકાસકાર્યો અંગે અધિકારીઓએ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### વેલંજામાં બનશે...

સમયથી ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવ્યો છે. નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે યોજાયેલા 'શેરી ઓટલો' ગરબા મહોત્સવ દરમિયાન સુરતમાં વધુ એક દિવ્ય ખોડલધામ બનાવવાની સત્તાવાર ઘોષણા કરવામાં આવી છે. આ નવા ધાર્મિક સંકુલને 'અન્નપૂર્ણા ખોડલધામ' નામ આપવામાં આવ્યું છે. અગાઉ કાગવડ ખોડલધામના ટ્રસ્ટી નરેશ પટેલ દ્વારા સુરતના અંત્રોલીમાં ખોડલધામ બનાવવાની જાહેરાત કરવામાં આવી ચૂકી છે, ત્યારે હવે આ નવી જાહેરાત સાથે સુરતમાં પાટીદાર સમાજ માટે બે મોટા આસ્થાના કેન્દ્રો બનવા જઈ રહ્યા છે.

જેવી આ ભવ્ય જાહેરાત કરવામાં આવી કે સમગ્ર ગ્રાઉન્ડ 'જય ખોડિયાર'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. આ વિશેષ અવસરે ઉપસ્થિત હજારો લોકો સમક્ષ ભાવિ અન્નપૂર્ણા ખોડલધામનું એક આકર્ષક મોડેલ અને ઝાંખી પણ રજૂ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટના મુખ્ય પ્રણેતા તરીકે અગ્રણી ઉદ્યોગપતિ મુકેશ પટેલ આ સમગ્ર સંકુલના નિર્માણની ધૂરા સંભાળશે. તેમની સાથે પાટીદાર સમાજના જાણીતા અગ્રણી જયંતિ એકલારા પણ આ ભગીરથ કાર્યમાં ખભેખભા મિલાવીને સાથે રહ્યા છે. રાજકારણ સાથે આ પ્રોજેક્ટને કોઈ લેવાદેવા નથી તેમ સ્પષ્ટ કરતાં અગ્રણીઓએ જણાવ્યું છે કે આ સંપૂર્ણ આયોજન પાટીદાર સમાજના ભલા અને સશક્તિકરણ માટે જ સમર્પિત છે. આવનારા દિવસોમાં આ ભવ્ય પ્રોજેક્ટના જમીન સંપાદન અને ભૂમિપૂજન અંગેની વિગતવાર રૂપરેખા જાહેર કરવામાં આવશે.

### આ અન્નપૂર્ણા...

સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું મોટું હબ બનશે. અહીં વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપ, મહિલાઓ માટે રોજગારીની તકો અને ગામડાંના વડીલોની સેવા જેવા મહત્ત્વપૂર્ણ કાર્યોને અપાશે. હાલમાં જે મહિલાઓને રોજગારીની સમસ્યા છે તેમને એવી રીતે તૈયાર કરવામાં આવશે કે જેથી તેઓ પગભર થઈ શકે. આ સંકુલ બનાવવા પાછળ એવો સંકલ્પ છે કે એકપણ પાટીદાર પરિવારે કોઈની પણ પાસે હાથ ફેલાવવો નહીં પડે.

### સુરતમાં પાટીદારોનો...

આવે અને સાથે સાથે આખો સમાજને મજબુત બનાવી શકાય તેવી નેમ આ અન્નપુર્ણા ખોડલધામની પાછળ છે. લેઉવા પટેલ સમાજના અગ્રણીઓએ કરેલા સર્વેમાં એવું જણાયું હતું કે પાટીદાર યુવાનો ભાગ્યે જ ક્યારેય કોઈની આગળ હાથ લંબાવે છે, પરંતુ તેમની મુશ્કેલીઓને હળવી કરવા અને તેમને મજબૂત ટેકો પૂરો પાડવા માટે આ આસ્થાના કેન્દ્રનો વિચાર વહેતો મૂકવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે કાગવડ સ્થિત ખોડલધામ આપણું ગૌરવ છે, પરંતુ છેલ્લા ૧૫ વર્ષોમાં સુરતમાં વસતા પાટીદારોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અન્નપૂર્ણા ધામ બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે, જેમાં કશું જ અયોગ્ય નથી. તેમણે

### નવસારીના ગોલવાડના...

અજાણ્યા ઇસમોની અવરજવર અને કથિત તાંત્રિક વિધિ સાથે ખોદકામ થતું હોવાની ચર્ચાએ સ્થાનિકોમાં ચકચાર મચાવી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, કેટલાક ઇસમો રિક્ષામાં આવી મકાનની પાછળ આવેલી સાંકડી ગલી મારફતે અંદર પ્રવેશતા હતા. નાળિયેર અને અગરબત્તી જેવી સામગ્રીનો ઉપયોગ થતો હોવાની સાથે જમીન ખોદવામાં આવતી હોવાની પણ આશંકા વ્યક્ત થઈ રહી છે. બે દાયકાથી બંધ રહેલી મિલકતમાં અચાનક શરૂ થયેલી આ અવરજવર પાછળનો હેતુ શું હતો તે સૌથી મોટો સવાલ બન્યો છે.

ગુરુવારની રાત્રે ફરી શંકાસ્પદ હિલચાલ જણાતાં રહીશો એકત્ર થયા હતા. બૂમાબૂમ થતાં અંદર હાજર હોવાનું કહેવાતા ઇસમો પાછળની ગલીમાંથી અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હોવાનો આક્ષેપ છે. રહીશોની રજૂઆત બાદ નવસારી ટાઉન પોલીસે તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે. આ મામલે મકાન માલિકને પણ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. હવે તપાસમાં મુખ્યત્વે મકાનમાં પ્રવેશ કરનારાઓની ઓળખ, પ્રવેશની પરવાનગી અને કથિત ખોદકામની હકીકત ચકાસવાની રહેશે. જો જમીનમાં ખરેખર ખોદકામ થયું હોય તો જૂના મકાનના પાયા તથા આસપાસનાં રહેણાક મકાનોની સલામતીની તપાસ પણ અનિવાર્ય છે.

### એશિયામાં માત્ર...

તેમણે તેમની પાસેથી આ કાર ખરીદી લીધી હતી. તેઓ આ કારને સુરત લઇ આવ્યા છે. જેથી એશિયામાં માત્ર સુરતના રસ્તા પર આ શાનદાર કાર દોડતી જોવા મળશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ કાર તેમણે વિદેશથી ખરીદી નહીં હોવાથી ઇમ્પોર્ટ ડ્યૂટી ભરવાની આવતી નથી. આ કારની સુરતમાં ઓન રોડ કિંમત 4.75 કરોડ રૂપિયા છે પરંતુ તેમણે સેકન્ડ હેન્ડ કેટલા રૂપિયામાં ખરીદી તે અંગે જાણકારી આપી ન હતી. સુરતની કારની વાત કરીએ તો સચીન તેંડુલકરની ફેરારી કાર જયેશભાઇ દેસાઇ રાજહંસ ગ્રુપના જયેશભાઇએ ખરીદીને સૌને ચોંકાવી દીધા હતા ત્યારબાદ સુરતમાં જુદી જુદી મોંઘીદાટ કાર આવવાનો સીલસીલો ચાલું થયો છે.

### થોડા દિવસ...

બેડરૂમની ગેલેરીમાંથી નીચે પડતું મૂકીને આપઘાત કરી લેતા જૈન સમાજમાં ભારે શોકની લાગણી છવાઈ જવા પામી છે. સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા રાજહંસ થિયેટર નજીક ક્રિશ હાઈટ્સમાં રહેતા 49 વર્ષીય પ્રમોદભાઈ નાનાલાલભાઈ પટવાએ પોતાને શેરબજારમાં નુકસાન થયું હોવા ઉપરાંત નાણાંની ઉઘરાણી માટે કેટલાક લોકો હેરાન કરતા હોવાનો ઉલ્લેખ પોતે આપઘાત પહેલાં લખેલી સ્યુસાઈડ નોટમાં કર્યો હતો. આપઘાત કરનાર 49 વર્ષીય પ્રમોદભાઈ નાનાલાલભાઈ પટવા મૂળ કચ્છના વતની હતા અને અડાજણમાં ક્રિસ હાઈટ્સમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને શેરબજારનો ધંધો કરતાં હતાં. ગુરૂવારે તેમણે બાલ્કનીમાંથી ઝંપલાવ્યા બાદ તેમને પરિજનોએ તાત્કાલિક 108નો સંપર્ક કર્યો હતો પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનું મોત થયું હતું.

### પુત્રના અપહરણની...

સ્ટોક માર્કેટના વ્યવહારના રૂ.15 લાખ પ્રમોદભાઈ પાસેથી લેવાના નીકળતા હોવાના મુદ્દે આરોપીઓએ આગમનું અપહરણ કરવાનું કાવતરું ઘડ્યું હતું. વધુ રૂપિયા પડાવવાના ઇરાદે આરોપીઓ બિઝનેસ મિટિંગના બહાને આગમને મળ્યા હતા અને ત્યારબાદ તેને હોટલમાં જમવા લઈ ગયા હતા. ત્યાંથી કારમાં બેસાડીને તેની ગેરકાયદે અટકાયત કરી રૂ.30 લાખની ખંડણી માગવામાં આવી હતી. આ બનાવમાં પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. પુત્રના અપહરણના બનાવ અને ત્યારબાદ પ્રમોદભાઈના આપઘાતની ઘટના વચ્ચે સમયગત નજીકતા હોવા છતાં, બંને બનાવો વચ્ચે સીધો સંબંધ હોવાની પુષ્ટિ તપાસના આધારે જ થઈ શકે છે. હાલ સુસાઇડ નોટમાં દર્શાવાયેલા મુદ્દાઓ સહિતની વિગતોને આધારે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

### સ્યુસાઇડ નોટમાં...

બાબતે સતત દબાણ કરીને માનસિક હેરાનગતિ કરવામાં આવતી હોવાનો પણ ગંભીર આક્ષેપ કર્યો છે. આર્થિક સંકટ અને ઉઘરાણી કરનારાઓના સતત ત્રાસથી કંટાળીને જ તેમણે આ અંતિમ પગલું ભર્યું હતું પરંતુ જોવા જેવી વાત એ છે કે હજુ સુધી પોલીસે કોણ કોણ તેમને હેરાન કરતું હતું તેની વિગતો જાહેર કરી નથી ત્યારે હવે પોલીસ આ મામલે આપઘાત કરવા માટે દુષ્પ્રેરણા આપનારાઓ સામે ગુનો દાખલ કરે છે કે કેમ તે જોવું રહ્યું!

### પરિવાર આઘાતમાંથી...

થઈ જવા પામ્યો છે. અચાનક બનેલી આ ઘટનાથી પરિવારજનોમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે. અડાજણ પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે.

### ચૈતર વસાવાના...

અનુસાર ચૈતર વસાવાની જેલવાસની સજાના કારણે પરિવાર પર માનસિક દબાણ વધ્યું હતું, જેના પગલે આ ઘટના સર્જાઈ હોવાનું મનાય છે.

### ઓલપાડના નાના...

લગતે હૈ, ઔર હેતાન્સી નામ હૈ, ઉમ્મીદ હૈ આપ ઈસકા જવાબ ઐસે નહીં દેંગે....મેરે અંગનેમેં તુમ્હારા ક્યા કામ હૈ. ત્યારે બિગ બી પ્રત્યુત્તર આપતા કહે છે કે, આપ કે સાથ ખેલને કા મન નહીં કરતા.. તો સામે હેતાન્સી પૂછે છે કે, ક્યૂં. તો બિગ બી કહે છે કે, આપ કા ગાના સુને યા... આટલું કહેતા બિગ બી હસી પડે છે. અને દર્શકો પણ તાલી પાડે છે.

અમિતાભ બચ્ચને હેતાન્સી વિજેતા બન્યાની જાહેરાત કરતાં તેની રમત સીધી 25,000ના છઠ્ઠા પ્રશ્નથી શરૂ થઈ હતી. પારંપરિક બ્લુ લહેંગા અને પીળી ઓઢણીમાં સજ્જ હેતાન્સીએ પૂર્ણ આત્મવિશ્વાસ સાથે રમીને 5 લાખની રકમ જીતી હતી. આ પ્રસંગે ઓડિયન્સમાં હાજર તેના પરિવારજનોએ ગર્વ અનુભવ્યો હતો. એક સામાન્ય ગામડાંમાંથી આવીને મુંબઈના KBCના મંચ સુધી પહોંચેલી હેતાન્સીની આ સિદ્ધિ બદલ ઓલપાડ તાલુકા અને સુરત જિલ્લામાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. સોશિયલ મીડિયા પર તેનો આ સફળતાનો વિડીયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે અને લોકો તેને અભિનંદન પાઠવી રહ્યાં છે.

### ફાફડા-જલેબીના...

ઉછાળો આવ્યો છે. ફાફડા સાથે પીરસાતી કઢી, તળેલાં મરચાં અને પપૈયાના સંભારનો ખર્ચ પણ વધ્યો છે.માત્ર કાચી સામગ્રી જ નહીં, પરંતુ ગેસ સિલિન્ડર, કારીગરોની મજૂરી, દુકાનનું ભાડું અને અન્ય જાળવણી ખર્ચ પણ વેપારીઓ માટે મોટો પડકાર બન્યા છે. ગુણવત્તા જાળવી રાખીને વ્યવસાય ચલાવવો મુશ્કેલ બનતા, વધતા ખર્ચનો કેટલોક બોજ અનિવાર્યપણે ગ્રાહકો પર નાખવાની ફરજ પડી છે.

મોંઘવારી છતાં ઉત્સાહ અકબંધ, પણ બજેટ પર અસરદશેરા અને ફાફડા-જલેબીનો સંબંધ ગુજરાતીઓ માટે માત્ર ખાણીપીણી પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વર્ષો જૂની સંસ્કૃતિ અને ઉત્સાહનું પ્રતીક છે. ભાવ વધ્યા હોવા છતાં લોકોમાં પર્વની ઉજવણીનો જુસ્સો ઓછો થયો નથી. જોકે, વધતી મોંઘવારીના કારણે કેટલાક પરિવારો પોતાનું બજેટ સાચવવા માટે ખરીદીનું પ્રમાણ (માત્રા) ઘટાડવાનું અથવા ઘરે જ ફાફડા-જલેબી બનાવવાનો વિકલ્પ પણ અપનાવી શકે છે.